# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડેશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


---

<u>અગત્યનો</u>

<u>પરિપત્ર</u>

## ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) January-2020

**(I To VIII-Semester Theory Exam Only) (2011 To Onwards) Offline/Online Students**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે બી.કોમ./બી.બી.એ/બી.બી.એ.ઓનર્સ/બી.એ./બી.એ.ઇંગ્લીશ/બી.એસ.સી./બી.એસ.ડબલ્યુ/બી.સી.એ./એલ.એલ.બી./બી.એસ.સી. હોમ સાયન્સ નો અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં જે વિદ્યાર્થીઓએ **એકેડેમીક વર્ષ ૨૦૧૧ થી ઓફ લાઇન વાળા વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત (Online System) માં એનરોલમેન્ટ કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓની** ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) નું આયોજન **January 2020** માં હાથ ધરવામાં આવશે.

વધુમાં જણાવવાનુ કે **I, III, V** અને **VII Sem** ની પરીક્ષાઓ એક સાથે સવારના સેશનમાં લેવામાં આવશે જ્યારે **II, IV VI** અને **VIII Sem** ની પરીક્ષાઓ એક સાથે બપોરના સેશનમાં આયોજન કરવામાં આવશે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા વિદ્યાર્થી **I, III, V** અને **VII Sem** માંથી કોઇપણ એક જ સેમેસ્ટરના વિષયોની પરીક્ષા આપી શકશે. દા.ત. વિદ્યાર્થી **I Sem** માં **1 NC** છે **III Sem** માં **1 NC** છે તથા **V Sem** માં **2 NC** વિષયોમાં છે તો વિદ્યાર્થી પોતાની પસંદગી મુજબ જો તેણે **V Sem** ની **NC** ની પરીક્ષા આપવી હોય તો **I & III Sem** ની પરીક્ષા આપી શકશે નહી.

તેમજ વિદ્યાર્થી **II, IV, VI** અને **VIII Sem** માંથી કોઇપણ એક જ સેમેસ્ટરની પરીક્ષા આપી શકશે.

યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક અનુસાર પરીક્ષાઓનું આયોજન હાથ ધરવામાં આવશે.

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૧/૦૧/૨૦૨૦ થી ૦૨/૦૧/૨૦૨૦ | વિદ્યાર્થીઓએ સંબંધકર્તા કોલેજનો સંપર્ક કરી પરીક્ષાઓનું ઓનલાઇન/ઓફ લાઇન ફોર્મ ભરવાનું રહેશે તથા જરૂરી પરીક્ષા ફી કોલેજમાં જમા કરાવવાની રહેશે. ૦૨/૦૧/૨૦૨૦ સાંજે ૦૫:૦૦ કલાકે ઓન લાઇન પરીક્ષા ફોર્મની લીંક અને ઓફ લાઇન ફોર્મ ભરવાનાં બંધ થઇ જશે.<br>દરેક સેમેસ્ટર દીઠ વધુમાં વધુ ત્રણસો (૩૦૦) વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે. દરેક સેમેસ્ટરમાં કોઇપણ એક વિષયમાં ૩૦૦ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાઇ ગયા બાદ પોર્ટલ ઉપર પરીક્ષા ફોર્મ ભરાશે નહી.<br>યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પ્રોગ્રામની જાહેરાત યુનિવર્સિટી વેબસાઇટ પર તારીખ : ૦૬/૦૧/૨૦૨૦ ના રોજ કરવામાં આવશે. |
| ૨. | ૦૨/૦૧/૨૦૨૦ | **ઓફ લાઇન વિદ્યાર્થીઓ માટેની (છેલ્લી તારીખ : ૦૨/૦૧/૨૦૨૦)**<br>ઓફ લાઇન વિદ્યાર્થીના ભરેલ પરીક્ષા ફોર્મ વિદ્યાર્થીઓની યાદી (Foxpro Structure માં CD સહિત) તથા પરીક્ષા ફી સાથે યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં જમા કરાવવાના રહેશે. |

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડેશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


| | | |
|---|---|---|
| ૨. | ૦૪/૦૧/૨૦૨૦ | **ઓન લાઇન વિદ્યાર્થીઓ માટેની (છેલ્લી તારીખ : ૦૪/૦૧/૨૦૨૦)** કોલેજ દ્વારા વિદ્યાર્થીની પરીક્ષા ફી ઓનલાઇન રીસીપ્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| ૪. | ૦૮/૦૧/૨૦૨૦ થી ૦૯/૦૧/૨૦૨૦ | કોલેજ દ્વારા વિદ્યાર્થીની હોલ ટીકીટની પ્રિન્ટ આઉટ લઇ આચાર્યશ્રીની સહિ કરાવી વિદ્યાર્થીને આપવાની રહેશે. જ્યારે ઓફ લાઇન વાળા વિદ્યાર્થીની હોલ ટીકીટ પરીક્ષા વિભાગ માંથી કોલેજ દ્વારા મેળવી લેવાની રહેશે. |
| ૫. | ૧૦/૦૧/૨૦૨૦ થી ૨૫/૦૧/૨૦૨૦ | યુનિવર્સિટી દ્વારા જ્ઞાનોદય પરીક્ષા ભવન ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે (I, III, V & VII Sem. Exam Morning Session માં તથા II, IV, VI & VIII Sem. Exam Evening Session માં લેવામાં આવશે. ) |
| ૬. | ૨૬/૦૧/૨૦૨૦ થી ૨૭/૦૧/૨૦૨૦ | યુનિવર્સિટી દ્વારા નિમણૂંક કરેલ પરીક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી કરવામાં આવશે. |
| ૭. | ૨૮/૦૧/૨૦૨૦ On words | યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીના માર્કસની એન્ટ્રી કરાવી રીઝલ્ટ પ્રોસેસ કરવામાં આવશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીનું પરીણામ જાહેર કરવામાં આવશે. |

નોંધ: ૧) **ઓફ લાઇન વિદ્યાર્થીઓની પરીક્ષા ફોર્મ અંગેની અગત્યની સુચના :-**
કોલેજે Foxpro Structure માં તૈયાર કરેલ ઓફ લાઇનના વિદ્યાર્થીઓની યાદિ કોપીની CD જરૂરી ચકાસણી કરી તથા તેની હાર્ડ કોપી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે.

૨) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનો સંપર્ક કરી સદર પરીક્ષા અંગે માહિતી આપવા તથા તેમને પરીક્ષાની પૂર્વ તૈયારી અંગે રેમેડીયલ ક્લાસીસનું આયોજન હાથ ધરવું.

૩) ઉપરોકત સમયપત્રકમાં જણાવેલ તારીખોમાં રવીવાર, જાહેર રજાઓ તથા બીજા અને ચોથા શનિવારે યુનિવર્સિટી કાર્યાલય બંધ રહેશે.

૪) **On Demand પરીક્ષાઓ ફક્ત Theory Paper માટે લેવામાં આવશે જો વિદ્યાર્થીઓની હોલ ટીકીટમાં Practical Paper દર્શાવવામાં આવેલ હોય તો પણ તે વિષયની પ્રેક્ટીકલ પરીક્ષા લેવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

૫) **On Demand પરીક્ષા ની ફી સેમેસ્ટર દિઠ રૂપિયા ૧૦૦૦/- વિદ્યાર્થી પાસેથી કોલેજે લેવાની રહેશ.**

૬) **યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ રમત ગમત, એન.એસ.એસ., એન.સી.સી. માં ભાગ લેવાના કારણે જો યુનિવર્સિટી પરીક્ષા આપી શક્યા ન હોય તેવા વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પણ ઓન ડિમાન્ડ પરીક્ષાઓ સાથે લેવામાં આવશે. સદર વિદ્યાર્થીઓને રેગ્યુલર પરીક્ષા ફી ભરવાની રહેશે.**
**આચાર્યશ્રી દ્વારા સદર વિદ્યાર્થીઓ માટે અલગથી સહિ સિક્કા સહિતનું રમત ગમત એન.એસ.એસ. કે એન.સી.સી.માં ભાગ લીધેલ છે તે પ્રમાણપત્ર પરીક્ષા વિભાગમાં આપવાનું રહેશ.**

નંબર/ઈ-૩/૭૮૬૪
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૬/૧૨/૨૦૧૯

કાર્યકારી નાયબ કુલસચિવ